ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૬.૭ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૪૨ ટકા

# સંતાનોની બદલાતી માનસિકતા : કુસંગત, સંસ્કાર કે જનરેશન ગેપ??

## રાજકોટમાં સગી જનેતાની પુત્રએ કરેલી હત્યાના સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો : ગાંધીનગરમાં પણ આ ઘટનાએ ઘણી ચર્ચા જગાવી


ગાંધીનગર, તા.૬

સમગ્ર સમાજને હચમચાવી મૂકે અને વિચારવા પ્રેરે તેવી ઘટના તાજેતરમાં પ્રકાશમાં આવી છે જેને પગલે આજના યુગમાં આપણી સમાજવ્યવસ્થા અને સંસ્કાર પ્રત્યે સવાલો ઉભા થવા પામ્યા છે. રાજકોટમાં એક દિકરાએ પોતાની સગી જનેતાને બિમારીના કારણે કરવી પડતી સેવાથી કંટાળી વૃધ્ધ માતાને ચાર મજલાના ફલેટના ધાબેથી ધક્કો મારી હત્યા કરી તેને આત્મહત્યા કે અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હોવાના સમાચારો તાજેતરમાં તમામ માધ્યમોમાં ચમકયા હતા. આ ઘટનાને પગલે સનસનાટી ફેલાવા સાથે 'માતા-પિતાને ભગવાન માનતી આપણી સંસ્કૃતિ'ને લાંછન લાગ્યું છે. આ ઘટના ખરેખર સમાજ માટે લાલબત્તી સમાન છે? આપણી સમાજ વ્યવસ્થા કે વિચારધારા આગામી સમયમાં કેટલી પ્રસ્તુત રહેશે? ગાંધીનગરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ પાસેથી આ ઘટના અંગેના પ્રત્યાઘાત જાણવા પ્રયાસ કરવામાં આવ્યો છે.



● દિકરાએ કરેલો અપરાધ અક્ષમ્ય છે, આ ઘટનાથી સમાજની જવાબદારીની ઉણપ પણ છતી થાય છે તે બાબત સ્વીકારવી જોઈએ. આપણા દેશમાં પણ હવે વિદેશોની માફક દુર્બળો, અશકતો કે વયોવૃધ્ધો માટે રિહેબિલીટેશન સેન્ટર ખુલવા જોઈએ. માત્ર એકાદ વ્યકિતને વૃધ્ધ મા-બાપની જવાબદારી સંભાળવી જોઈએ તેવું કહીને છુટી જતા સમાજને પોતાનો ચહેરો આયનામાં જોવાની જરૂર છે.

**- ડો. અનિલ ચૌહણ**
**પ્રમુખ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગાંધીનગર**



● બિમાર માતાની સારવારનો કંટાળો પણ આવે, માતાનો ટકટકારો પણ સાંભળવો પડે છતાં મા એ મા છે, પરમાત્માને મનુષ્યરૂપે આવવાની ઈચ્છા થઈ ત્યારે તે મા સ્વરૂપે આવ્યો. બિમાર માતાની સેવા-ચાકરીથી કંટાળી તેની હત્યા કરવી તે રાક્ષસી કૃત્ય છે, યુવા પેઢી આ પ્રકારના પાપથી બચે તે જરુરી છે.

**- ડો. સોમભાઈ પટેલ,**
**શિક્ષણવિદ્, નિવૃત્ત આચાર્ય**



● સમાજમાં બનતી આ પ્રકારની ઘટનાઓ જોઈ પ્રશ્ન થાય છે કે જો આપણા મા-બાપે બાળપણમાં આપણી સાર સંભાળ ના લીધી હોત તો શું થાત? આપણે જે પણ છીએ તેનો તમામ શ્રેય આપણા મા-બાપને અર્પિત છીએ. આજની પેઢી ભલેને આકાશમાં પહોંચી જાય પરંતુ જો માતા-પિતા પ્રત્યેની ફરજ ભૂલી જશે તો બધું જ વ્યર્થ છે. કારણ કે સમગ્ર વિશ્વમાં તેમનાથી વધીને બીજું કંઈ જ નથી.

**- કાજલ વૈષ્ણવ, ન્યુઝ એનાલિસ્ટ**



● આ પ્રકારની ઘટના પાછળ સંતાનને ખરાબ સંગતની અસર લાગે છે. મનુષ્યના જીવનમાં તકલીફોનો કોઈ અંત નથી. સહનશીલતા દરેકે કેળવવી જ રહી. મા-બાપ મંદિરોના દેવી-દેવતા કરતા પણ વધુ પૂજનીય છે. તેમને દરરોજ પ્રણામ કરવાથી સાચા આશીર્વાદ પ્રાપ્ત થશે. વળી, સાસરિયાથી કંટાળતી કેટલીક પુત્રવધુઓએ યાદ રાખવું જોઈએ કે તેઓ પણ કયારેક સાસુ બનશે. માટે મા-બાપ સમાન સાસુ-સસરા પણ પૂજનીય છે.

**- રાજેશ ભટ્ટ, સંચાલક, ક્રિષ્ના વૃધ્ધાશ્રમ**



● આ એક દર્દનાક ઘટના છે, આજની યુવા પેઢીમાં તમાકુ-દારૂથી માંડીને મોબાઈલનું પણ વ્યસન વધતું જાય છે, મોબાઈલનું ભૂત સવાર હોય ત્યારે બાળકો મા-બાપને સરખો જવાબ પણ આપતા નથી પરંતુ જયારે ઘરની જવાબદારી તેમના માથે આવે છે ત્યારે કશું સરખી રીતે સંભાળી શકતા નથી. યુવા વર્ગે કુટેવો ધરાવતા મિત્રોથી દૂર રહેવું જોઈએ અને બાળપણથી જ મા-બાપ સાથે સમય વિતાવવાની ટેવ પાડવી જોઈએ.

**- નિતેષ ચૌધરી-વિધાર્થી, સરકારી વિજ્ઞાન કોલેજ**



● એક માતા પાચં બાળકોને પોષી શકે છે પરંતુ પાંચ સંતાનો એક માને પોષી શકતા નથી તેવી આજની તાસીર છે. મા-દિકરાનો સંબંધ ભાવાત્મક છે, આ પ્રકારના કિસ્સા આપણી સંસ્કૃતિને લજવે છે, આવા દિકરા-વહુને સજા થવી જોઈએ. શિક્ષક હોવાને નાતે તમામ શિક્ષકોને વિનંતી કરું છું કે બાળકોને હંમેશા સામાજિક સંબંધો મજબૂત થાય તેવી ઘટનાઓએ કહી તેમનામાં પરિવાર પ્રત્યેની જવાબદારી પ્રત્યે સભાનતા કેળવાય તે માટે પ્રયત્ન કરવા.

**- વર્ષાબેન પારેખ, રાષ્ટ્રપતિ**
**એવોર્ડ વિજેતા શિક્ષક**



● મિલ્કત લાલસા, ગૃહ કલેશ, પતિ-પત્નિનો આંધળો પ્રેમ, કુસંગ તથા બે પેઢી વચ્ચેની વિચારધારામાં વધતી જતી જનરેશન ગેપ આ પ્રકારની ઘટનાઓ સર્જે છે. આ પ્રકારની ઘટનાઓ નિવારવા બંને પેઢીએ વિચારધારામાં પરિવર્તન લાવવું જરુરી છે. સંતાનોએ પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળુ અનુકરણ છોડવું જોઈએ જયારે મા-બાપે પણ અમુક જીદ છોડવી જોઈએ. બંનેએ સંયમ સાથે મનભેદ ટાળવા અને સમર્પણ ભાવના કેળવવી જરુરી બને છે.

**- નિલેન્દુ વોરા, અગ્રણી સમાજસેવક**



● સમાજ સંવેદનશીલ વ્યકિતઓનો બનેલો હોય છે અને મોટા ભાગના સંતાનો મા-બાપના ઉપકારોનું ઋણ કોઈને કોઈ રીતે અદા કરતા હોય છે જેમાં બિમારી સમયે કરાતી સેવા પણ આવી જાય છે. જોકે કયારેક બિમારી લાંબી ચાલે તો કંટાળાજનક બની જાય છે પરંતુ મા-બાપનું ઋણ અદા કરવાનો આજ તો સાચો સમય હોય છે. આ ઘટના નવી દિશા તરફ જોવા પ્રેરે છે કે મા-બાપની અસહાય અવસ્થા તેમણે બાળકને ઉછેરવા, ભણાવવા-ગણાવવા કરેલા નિઃસ્વાર્થ પ્રયાસનો બદલો તમે તેમની વૃધ્ધાવસ્થામાં તેટલા જ સંવેદનશીલ બનીને વાળો.

**- હસમુખ મેકવાન, નાટયકાર-ચરિત્ર અભિનેતા**



● આ ઘટના સાંપ્રત સમય કઈ દિશામાં જઈ રહ્યો છે તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. ટીવી પર આવતી ગુનાખોરી અંગેની સિરિયલો કે કાર્યક્રમોની અસર આજના યુવા વર્ગના માનસ પર કેવી વર્તાઈ રહી છે તે દર્શાવે છે. જીવનમાં નૈતિક મૂલ્યોનો હાસ થઈ રહ્યો છે કારણ કે નૈતિક મૂલ્યો અંગે અભ્યાસક્રમોમાં જોઈએ તેટલું ભણાવવામાં આવતું નથી. નૈતિક મૂલ્યો પ્રત્યે નવી પેઢી જવાબદાર બને તેવા શિક્ષણની અત્યારે તાતી જરૂર છે.

**- ભગુભાઈ પટેલ, પ્રમુખ, સહયોગ મંડળ-સમાજસેવક**

# ઉત્તરાયણ નજીક આવતા સેફટીગાર્ડના વેચાણમાં વધારો

ગાંધીનગર, તા.૬

ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પાટનગરના વિવિધ માર્ગો પર સેફટી ગાર્ડના વેચાણનો અડીંગો વેપારીઓએ જમાવી દીધો છે. પતંગની કાતિલ દોરીથી ટુ-વ્હીલર ચાલક ઘાયલ થાય છે. જેથી



સેફટી ગાર્ડને પગલે દ્વિચક્રી વાહન ચાલકના જીવનું જોખમ ટળે છે. ત્યારે માત્ર રૂ. ૫૦માં વેચાણ થતા સેફટીગાર્ડનું બજાર અત્યારે હાલ ગરમ જોવા મળી રહ્યું છે.

ઉત્તરાયણ પર્વમાં પતંગ ચગાવવાની મજા પક્ષીઓ તેમજ માનવી માટે પણ આફતરૂપ બની જાય છે. શહેરમાં ટુ વ્હીલર લઈને જતા ચાલકોને અચાનક દોરી આવી જતા ગળા તેમજ ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચે છે ત્યારે પતંગની દોરીથી બચી શકાય તે માટે ઠેર ઠેર નાના વેપારીઓ શહેરના માર્ગો પર સેફટી ગાર્ડનું સરળતાથી વેચાણ કરી રહ્યા છે. શહેરના નાગરિકો પણ માત્ર રૂ. ૫૦માં સેફટી ગાર્ડ લગાવીને ફરતા નજરે પડી રહ્યા છે. જેમણે વાહનોમાં ફીટ ન કર્યું હોય તેવા નાગરિકોની પણ સેફટી ગાર્ડ લગાવવા માટે બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદથી ૩૦થી પણ વધુ વેપારીઓ રોજ સવારે ગાંધીનગર આવી પહોંચે છે અને વેપાર કરી પરત ફરે છે. જીવન અમુલ્ય હોવાથી ઉત્તરાયણના પર્વના દિવસોમાં વાહનો પર સેફટી ગાર્ડ લગાવવું આપણા માટે હિતાવહ છે.

# સરગાસણના દિવ્ય સંસ્કાર સીટી ફલેટમાં પરિણીતાનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક સરગાસણની સીમમાં આવેલા દિવ્ય સંસ્કાર સીટી ફલેટમાં આજે સવારે નવેક વગ્યાના અરસામાં એક પરિણીતાનો પંખે લટકેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી એફએસએલ બોલાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પરિણીતાના આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતોનુસાર સરગાસણના દિવ્ય સંસ્કાર સીટી ફલેટમાં મકાન નં. એ-૪૦૩ ખાતે રહેતા પ્રેમકુંવરબા દિલીપસિંહ પરમાર (ઉ.વ. ૪૫) એ આજે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે રૂમમાં જ પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈલીધો હતો. પ્રેમકુંવરબાના પતિ દિલીપસિંહ જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમને સંતાનોમાં બે દિકરા છે જેમાં એક દિકરો ડૉકટરનો અભ્યાસ કરે છે જયારે બીજો દિકરો ઓટો મોબાઈલના વ્યવસાય સાથે સંકળાયેલો છે. પ્રેમકુંવરબાના આપઘાત અંગે અડાલજ પોલિસને જાણ થતા પીએસઆઈ કે.જી. ગોસ્વામી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પીએમ. માટે મોકલી એફએસએલની મદદ લઈ ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પરિવારજનોના તથા પડોશીઓના નિવેદનો લેવા માટે તજવીજ શરુ કરી આપઘાતનું રહસ્ય ખુલ્લુ પાડવા તપાસ તેજ કરી છે.

# ખોરજના અઢી કરોડના દારૂના કેસમાં વોન્ટેડ બુટલેગર ચાંદખેડા પોલિસે પકડયો

## મોંઘીદાટ ૪૧ દારૂની બોટલો સાથે જગતપુરના ફલેટમાંથી ત્રણ પકડાયા
## બુટલેગર જીગ્નેશ પટેલને ટ્રાન્સપર વોરંટથી અડાલજ લવાશે

ગાંધીનગર, તા.૬

અડાલજ પોલિસે ચુંટણી પહેલા ખોરજ પાસે ગોડાઉનમાં દરોડો પાડી અઢી કરોડનો મસ મોટો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો આ ગુનામાં નાસતો ફરતો મુખ્ય સુત્રધાર બુટલેગર જીગ્નેશ પટેલ આજે ૪૧ નંગ મોંઘીદાટ વિદેશી દારૂની બોટલો સાથે ચાંદખેડા પોલિસના હાથે ઝડપાઈ ગયો છે. અડાલજ પોલિસ હવે ચાંદખેડા પોલિસ પાસેથી આ સુત્રધારને ટ્રાન્સફર વોરંટથી લાવશે અને ગોડાઉન અંગે વધુ પુછતાછ શરુ કરશે.

ચાંદખેડા પોલિસે આજે જગતપુરના એક ફલેટમાંથી વિદેશી દારૂની બોટલો સાથે ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. ૪૧ નંગ મોંઘી વિદેશી દારૂની બોટલો સાથે પકડાયેલા ત્રણ શખ્સો પૈકી એક સોલા ખાતે રહેતો જીગ્નેશ પટેલ છે. જીગ્નેશ પટેલ ખોરજમાંથી અઢી કરોડનો વિદેશી દારૂનો જથ્થો પકડાયો હતો તે ગુનાનો મુખ્ય સુત્રધાર હોવાનું પોલિસનું કહેવું છે. અડાલજ પોલિસે પકડેલા ગોડાઉનના ગુનામાં જીગ્નેશ નાસતો ફરતો હતો. જેને પગલે આ ગુનાની તપાસ પણ અધુરી રહી છે. ચાંદખેડા પોલિસે પકડી પાડેલા આ વોન્ટેડ બુટલેગર જીગ્નેશની પુછપરછ કરવા માટે અડાલજ પોલિસે કવાયત શરુ કરી તેને ચાંદખેડા પોલિસ સ્ટેશનમાંથી ટ્રાન્સફર વોરંટ લઈ આવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જલારામ મહિલા મંડળ દ્વારા ગરીબ બાળકોને ૧૦૦ કિલો કચરીયાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે કાર્યરત જલારામ મહિલા મંડળ દ્વારા શહેરની વિવિધ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ૧૦૦ કિલો કચરીયાનું વિતરણ કર્યુ હતું. શિયાળાની સિઝનમાં કચરીયું ગુણકારી હોવાથી અને બાળકોને પ્રિય હોવાથી બાળકોએ હોંશે હોંશે કચરીયું આરોગ્યું હતું. જલારામ મહિલા મંડળની બહેનોએ કચરીયાનું વિતરણ કરીને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે.

ગાંધીનગર શહેરમાં અનેક સેવાભાવી, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ આવેલી છે. જે વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો થકી જરૂરીયાતમંદોને મદદ



કરતા હોય છે. ત્યારે ઉતરાયણ પર્વ નજીક આવતા જ દાન પુણ્યનો મહિમા વધી જાય છે ત્યારે જલારામ મહિલા મંડળ દ્વારા પણ શ્રમિક પરિવારોને પગરખા અને ઠંડી છાશ, દિવાળીના દિવસોમાં મીઠાઈનું વિતરણ, જયારે શિયાળામાં ગરમ કપડા અને કચરીયાનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે શહેરના સેકટર- ૧૩, ૨૩, ૨૪, ૨૯, ૩૦ અને પેથાપુરમાં આવેલી સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ૧૦૦ કિલો કચરીયાનું વિતરણ મહિલા મંડળના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. જલારામ મહિલા મંડળ દ્વારા આ નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. ઉતરાયણ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે સેકટરોમાં આવેલ મહિલા ભજન મંડળો દ્વારા અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા શ્વાન માટે લાડુ તૈયાર કરાય છે અને શ્વાનને ખવડાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે જલારામ મહિલા મંડળ કચરીયા વિતરણ સેવાકાર્ય કરવામાં આવતા સમાજમાં પ્રેરણારૂપ સાબિત થયું છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહ અને ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૯ કલાકે બ્રહ્માણી કૃપા હોલ સે-૨૩ ખાતે યોજાશે.

● કૈલાશ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ અને નર્મદા પરિક્રમા કરનાર સમિતિના સભ્યોનો સન્માન કાર્યક્રમ સાંજે ૪ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેર આંજણા ચૌધરી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ ૮.૩૦ કલાકે ધ્રુવ પાર્ટી પ્લોટ ગીફટસીટી શાહપુર ખાતે યોજાશે.

● પુસ્તક પરબ સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગભવન નજીક યોજાશે.

● ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરનો સ્નેહમિનલ સમારંભ બપોરે ૩.૩૦ કલાકે પૂનમ પાર્ટી પ્લોટ, પીડીપીયુ રોડ, રાયસણ ખાતે યોજાશે.

● ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ બપોરે ૨.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

# ગાંધીનગરમાં ૧૦મીથી કરૂણા અભિયાન આરંભાશે

## ગાંધીનગર જિલ્લામાં ચાઈનીઝ દોરી તથા તુકકલ, પ્લાસ્ટિક દોરી, નાયલોન દોરી તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરીના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા.૬

ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તેવા આશયથી રાજય સરકાર દ્વારા કરૂણા અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનને વધુ સાર્થક બનાવવાના ઉમદા આશયથી આજ રોજ જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ દ્વારા ચાઈનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન) તથા ચાઈનીઝ માઝા, પ્લાસ્ટિક દોરી, નાયલોન અને અન્ય સિન્થેટીક માઝા અને નોન –બાયોડીગ્રેબલ હોય તેવી દોરીનું ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મુકવા સત્તાની રૂએ બહાર પાડેલા અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજાના જાહેરનામાની કડક અમલીવાર થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

ઉત્તરાયણ દરમ્યાન પતંગ–દોરીનો વેપાર કરનારા વેપારીઓને કલેકટરશ્રીએ આ પ્રકારની ચાઈનીઝ દોરી- તુક્કલ ન વેચવા માટે ખાસ સૂચના આપી હતી. ચાઈનીઝ દોરી-તુક્કલ કોઈ વેપારી ગૃપ્ત રીતે ન વેચે તે માટે સંબંધિત અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું. ચાઈનીઝ દોરી કે તુક્કલ વેચતા અને વાપરતા કોઈ પકડાય તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પણ જણાવ્યું છે. પોલીસને ઉત્તરાયણની રાત્રિ અને આગળના દિવસ દરમ્યાન ગાંધીનગરના પ્રવેશ દ્વાર પાસે વાહન ચેંકીગ કરી આ પ્રકારની ચાઈનીઝ દોરી અને તુક્કલ કોઈ લઈ આવતું હોય તો જપ્ત કરવા માટે પણ સૂચના આપી છે.

ગાંધીનગર જિલ્લા વાસીઓને ચાઈનીઝ દોરી કે તુક્કલનો ઉપયોગ ન કરવાની અપીલ કરીને કલેકટર શ્રીએ જણાવ્યું છે કે આસપાસમાં કોઈ વ્યક્તિ આ પ્રકારની ચાઈનીઝ દોરી કે તુક્કલ લાવ્યાનું ધ્યાને આવે તો તેની જાણ ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૮૦૮૦પર કરવા પણ અનુરોધ કર્યો છે. તે ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ચાઈનીઝ દોરી કે તુક્કલનું વેચાણ કરતાં વેપારીની માહિતી ફાયર ઓફિસર શ્રી મહેશ મોઢ ને મોબાઈલ નંબર – ૯૪૨૭૯ ૫૫૫૫૧ પર આપવા પણ જણાવ્યું છે.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વન સંરક્ષક અધિકારી શ્રી અતુલ અમીને જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં ઉત્તરાયણના તહેવાર દરમ્યાન દોરી થકી અનેક પક્ષીઓ ધાયલ થાય છે. આવા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સમગ્ર રાજયમાં સરકાર દ્વારા કરૂણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં જિલ્લા વહીવટી તંત્ર અને જીવદયા પ્રેમી સ્થાનિક સંસ્થાઓ સહભાગી બન્યા છે. જીવદયાનું કામ કરનાર તમામ વ્યક્તિઓને ઓળખકાર્ડ આપવામાં આવશે.

### ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે

ઘાયલ થયેલા પક્ષીઓની સારંવાર માટે ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે ખાસ સારવાર કેન્દ્ર ચાલુ કરવામાં આવનાર છે. જેથી ઘાયલ થયેલા પક્ષીઓ અંગેની જાણ ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૨૩૩૮૦૮૦ અથવા લેન્ડ લાઈન નંબર (૦૭૯) ૨૩૨ ૨૧૨૬૦, ૨૩૨ ૩૯૮૭૨ તથા ૨૩૨ ૬૦૬૩૨ પર અને મોબાઈલ નંબર-૯૯૯૮૫૯૨૩૧૮ પર કરવા ગાંધીનગર શહેરના નાગરિકોને અપીલ કરી છે. તે ઉપરાંત સેકટર – ૩૦ના પશુ દવાખાનાના ડૉ. પ્રશાંતભાઈ મોબાઈલ નંબર- ૯૪૨૬૭ ૫૯૩૮૮ પર પણ સંપર્ક કરી શકાશે. તે ઉપરાંત દહેગામ તાલુકા માટે આર.એફ.ઓ શ્રી એ.જે.દેસાઈ- મો- ૯૯૨૫૧૪૯૭૩૭, કલોલ તાલુકા માટે આર.એફ.ઓ શ્રી પી.આર.રાઠોડ મો- ૯૬૦૧૪૯૩૯૩૫, માણસા તાલુકા માટે આર.એફ.ઓ શ્રી ચાવડા મો –૯૬૨૪૦૩૮૮૬૦ અને ગાંધીનગર તાલુકા માટે આર.એફ.ઓ શ્રી બી.એન.દેસાઈ મો- ૯૭૨૬૯૫૦૭૫૮ પર સંપર્ક કરી શકાશે.




## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૨ સર્કલની આસપાસની ટાઈલ્સ ઉખડી જવા પામી છે. સર્કલોની જાળવણી પ્રત્યેની તંત્રની દુર્લક્ષતા ઉડીને આંખે વળગી રહી છે.

● રવિવારે અડાલજના ત્રિ મંદિર પાસેથી આશરે ૧૦૦ સાઈકલ સવારો સામાજિક સંદેશ પ્રસરાવવાના હેતુથી સાયકલીંગ કરીને શીરસા ગામે જશે.

## ચિરવિદાય

- સ્વ. ચૌહાણ સમુબેન મહોબતસિંહ, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર મથુરજી મગાજી, ઉ.વ. ૮૦
- સ્વ. કાન્તાબેન કચરાભાઈ સાકરીયા, ઉ.વ. ૮૦